ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૬ અંક : ૨૬૩ તા. ૦૮-૦૭-૨૦૨૦ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

સેન્સેક્ષ-નિફ્ટીમાં મજબૂત સુધારો

ગયા અઠવાડિયા દરમ્યાન એકંદરે સેન્સેક્ષ-નિફ્ટીમાં મજબૂત સુધારો જોવાયા ગુરુવારે સાવચેતીરૂપે પ્રોફિટ બુકીંગ આવી ગયું હતું અને બજારમાં એક નવી જોરદાર તેજી શરૂ થઈ જવાની ગણતરી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકન અર્થતંત્રમાં પણ ગુરુવાર થોડુંક પ્રોફિટ બુકીંગ આવ્યું હતું પરંતુ ગયા અઠવાડિયા દરમ્યાન અમેરિકાના ત્રણેય ઈન્ડેક્ષોએ તેના ટોપ બતાવ્યા અને અત્યારના તબક્કે અમેરિકન અર્થતંત્ર મંદ પડે તેવી કોઈ સંભાવના ટોચના ખેલાડીઓને કે રેટીંગ એજન્સીઓને નથી લાગતા. પરંતુ સામે પક્ષે વિશ્વના અન્ય દેશોની હાલત નાજૂક છે કોરોના વાયરસને કારણે લગભગ ૧૧૦૮૨૦૦૦ કેસ થઈ ગયા હોવાનું ઓફિશિયલ રીતે જાહેર થયું છે અને મૃત્યુઆંક પણ ૫૨૯૧૨૭ આસપાસ દર્શાવાય છે. પરંતુ બિનસત્તાવાર રીતે મૃત્યુનો આંક ૫૫૦૦૦૦થી ઉપર હોય તેવી ચર્ચા અને વીડિયો પણ આપણે જોઈએ છીએ.

વાસ્તવમાં ચીનના અર્થતંત્રની પરિસ્થિતિ એકદમ નાજૂક થઈ ગઈ છે અને વાયરસ આંતરરાષ્ટ્રીય સ્તર ફેલાયો હોવાને કારણે જાણે કે ચીનના અર્થતંત્રનું પૈડું જ અટકી ગયું હોય તેમ કહી શકાય. રેટીંગ જાયન્ટ સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ ગ્લોબલે ગયા અઠવાડિયે તેના વિસ્તૃત રિપોર્ટમાં દર્શાવ્યું હતું કે વાયરસ ફેલાતો અટકે તે માટે જે કડક અંકુશો સરકારે લાદી દીધા છે તેને કારણે

ગયા અઠવાડિયા દરમ્યાન અમેરિકાના ત્રણેય ઈન્ડેક્ષોએ તેના ટોપ બતાવ્યા

વપરાશ ઉપર શોર્ટટર્મમાં ગંભીર ફટકો પડ્યો છે અને અર્થતંત્રમાં પણ હવે વપરાશ એ મહત્ત્વનું પરિબળ છે અને તેની નોક ઓન ઈફેક્ટ હવે અન્ય સેક્ટરો ઉપર પણ જોવાશે તેમ સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ ગ્લોબલનું મંતવ્ય છે.

સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ અને મોર્ગન સ્ટેનલીના રિપોર્ટ અનુસાર આંતરરાષ્ટ્રીય સ્તરે રેસ્ટોરન્ટ સેક્ટરના વેચાણોમાં ગંભીર ગાબડું અપેક્ષિત છે અને ગયા વર્ષે આ સમયગાળામાં જે વેચાણો રેસ્ટોરન્ટમાં થયા હતા તેની સામે માંડ ૪૫થી ૫૦ ટકા વેચાણો આ વર્ષમાં થશે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ટુરિઝમ સેક્ટરની આવકો પણ ગયા વર્ષની સરખામણીમાં ૫૦ ટકા થઈ જવાનો અંદાજ હવે આખા વર્ષ માટે મૂકવામાં આવે છે અને માર્ચ સુધીમાં ભલે વાયરસ અંકુશમાં આવી જાય પરંતુ ટુરીસ્ટ ટ્રાફિક બાકીના મહિનાઓમાં એકદમ ઓછો રહેશે તેવો ભય છે.

સને ૨૦૦૨-૦૩ વર્ષમાં સાર્સ વાયરસ ફાટી નીકળ્યો હતો ત્યારે રીયલ એસ્ટેટ સેક્ટરને અસર પડી હતી અને તેનાથી પણ વધારે ખરાબ અસર આ વખતે કોરોના વાયરસને કારણે આંતરરાષ્ટ્રીય અર્થતંત્રમાં રીયલ એસ્ટેટ ઉપર પડવાનો ભય સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સને લાગે છે અને ખાસ કરીને ત્રીજા અને ચોથી હરોળના શહેરોમાં કોઈ રીતે વેચાણો જોવા મળે તે સંભાવના નથી.

તેવી જ રીતે એન્ટરટેઈનમેન્ટ સેક્ટરમાં પણ ગંભીર અસર પડી છે. નવા વર્ષ વખતે ફિલ્મોનું શિડ્યુઅલ નક્કી થયું હતું અને તે તમામ ફિલ્મો ફ્લોપ ગઈ છે અને બોક્સ ઓફિસ ઉપર ૨૧૦ મિલિયન ડોલરનો ફટકો પડે તેવી ગણતરી છે. મોટા ભાગના થિયેટરો ૧૩ અઠવાડિયાથી બંધ છે. આમ ચક્રવૃદ્ધિ અસર વિશ્વના અન્ય અર્થતંત્ર ઉપર પણ પડે તે ભય છે.

ગયા અઠવાડિયે વિશ્વની સલામત કરન્સી તરીકે ગણાતી યેનમાં પણ ગાબડું પડ્યું છે અને જાપાનનું અર્થતંત્ર સ્પષ્ટ રીતે મંદીમાં ફસાયું હોવાનું મનાય છે અને આવી જ પરિસ્થિતિ યુરોપના અર્થતંત્રમાં પણ છે.

આ તબક્કે એકમાત્ર અમેરિકન અર્થતંત્ર છે કે જે હજી પણ મજબૂતી દર્શાવે છે.

અમેરિકામાં હાઉસીંગ સેક્ટર અતિશય મહત્ત્વનું પરિબળ છે અને ૨૦૨૦ પ્રથમ ૬ મહિના દરમ્યાન દરમ્યાન અમેરિકામાં ૮૫૦૦ લાખ નવા ઘરો શરૂ થશે તેવો અંદાજ અર્થશાસ્ત્રીઓ મૂક્યો હતો જેની સામે ૭૮૦૦ લાખ નવા ઘરોની શરૂઆત થઈ છે અને હાઉસીંગ સેક્ટર અત્યારે તેજીમાં છે.

બીજી તરફ ભારતીય અર્થતંત્રમાં કોઈ પોઝિટિવ સંકેત નથી દેખાતા. અને બેંકોની એનપીએ અતિશય ઊંચા લેવલે છે. અને તેમાં જુલાઈથી સપ્ટેમ્બરના ક્વાર્ટર દરમ્યાન પણ ગ્રોસ એનપીએમાં વધારો થાય તેમ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સામે પક્ષે રીયલ એસ્ટેટ સેક્ટરમાં પણ સુધારાના કોઈ જ સંકેતો નથી દેખાતા અને સમગ્ર સરકાર છેલ્લા ૧૩ અઠવાડિયાથી અટકી ગઈ હોય તેવું ચિત્ર ઊભું થયું છે. આવા માહોલમાં એક જ પોઝિટિવ પરિબળ છે કે આ વર્ષે ભારતમાં રવી પાકમાં બમ્પર ઉત્પાદન આવશે. કૃષિ મંત્રાલય દ્વારા કૃષિઉત્પાદન અંગે બીજો અંદાજ આપવામાં આવ્યો અને તેમાં શેરડીને બાદ કરતા અન્ય તમામ પ્રકારના પાકમાં તોતીંગ ઉછાળો આવવાની ગણતરી છે. ગયા વર્ષે ૨૮.૫૨ કરોડ ટન પાકનું ઉત્પાદન હતું જે ચાલુ વર્ષે ૬૭ લાખ ટન વધીને ૨૯.૨૦ કરોડ ટન થવાનો અંદાજ છે અને અગાઉ દર્શાવ્યું છે તેમ ભારતીય અર્થતંત્ર મહદઅંશે કૃષિ આધારિત છે અને તેથી આવા બમ્પર કૃષિ ઉત્પાદનને કારણે ખેડૂતો અને ગ્રામ્ય ભારતમાં પૈસા આવે અને તે પાછળ અર્થતંત્ર ટકી રહે તે આશાવાદ હજી પણ છે.

પરંતુ કપરી પરિસ્થિતિ અત્યારે ટેલિકોમ સેક્ટર ઉપરના બોજાને કારણે છે અને લેટેસ્ટ અંદાજ અનુસાર ટેલિકોમ કંપનીઓએ સરકારને રૂા. ૧૪૭૦૦૦ કરોડની રકમ ચૂકવવાની થાય છે. અગાઉ તમે રૂા. ૯૮૦૦૦ કરોડ અથવા તો રૂા. ૧૦૨૦૦૦ કરોડના આંકડા વાંચ્યા હશે. પરંતુ તે આંકડાઓમાં છેલ્લા બે વર્ષમાં ચૂકવવાની રકમ ઉમેરવા જઈએ તો આંકડો રૂા. ૧૪૭૦૦૦ કરોડનો થઈ જાય છે. આ મુદ્દા અંગે સુપ્રિમ કોર્ટે ચૂકાદો આપ્યો છે એટલે તે અંગે દલીલ કે ચર્ચા કરવાની ન હોય પરંતુ અત્યારે કંપનીઓની કુલ આવક જ એવી નથી અને તેમની પાસે એવું કોઈ રિઝર્વ નથી કે એટલી શેરમૂડી પણ નથી કે તેઓ આવી જંગી રકમ ચૂકવી શકે. ભારતી એરટેલે રૂા. ૩૫૫૮૬ કરોડ, વોડાફન આઈડિયાએ રૂા. ૫૩૦૩૯ કરોડ અને તાતા ટેલિસર્વિસ કે જે બંધ જેવી પરિસ્થિતિમાં છે તેણે રૂા. ૧૩૮૨૩ કરોડની રકમ ચૂકવવાની થાય છે. અને જો આ કંપનીઓ રકમ ન ચૂકવી શકે તો તેમના શટર પડે અને ભારતીય બેંકોના માથા ઉપર એનપીએનો એક નવો બોજો આવી જાય અને તેથી બધાને આશા છે કે સરકાર કોઈક રસ્તો કાઢીને આ ટેલિકોમ કંપનીઓને બચાવી લેશે. પરંતુ બીજી બાજુ પરિસ્થિતિ એવી છે કે નોર્મલ સંજોગોમાં સરકાર આ ટેલિકોમ કંપનીઓને રાહત આપી દે પરંતુ આ કંપનીઓ ટકી જાય તો રિલાયન્સ જીઓને પસંદ ન પડે અને તેથી રિલાયન્સ જીઓનું દબાણ પણ સરકાર ઉપર હોય તે આપણે સમજીએ છીએ.

ઓટોમોબાઈલ સેક્ટરની પરિસ્થિતિ સદંતર નાજૂક છે અને સપ્ટેમ્બર મહિનામાં સરકારે વિવિધ રાહતો આપ્યા પછી વેચાણો સુધરશે તે આશાવાદ હતો. પરંતુ ડિસેમ્બરમાં ભરપૂર ડિસ્કાઉન્ટો જાહેર થયા પછી પણ ઓટો સેક્ટરમાં કોઈ પોઝિટિવ સંકેત નથી દેખાતા અને ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડિલર્સ એસોસીયેશન (ફાડા)ના આંકડા અનુસાર પેસેન્જર વાહનોના રીટેઈલ વેચાણોમાં ઘટાડો થયો છે. ફાડા દ્વારા દેશની ૧૨૨૩ આરટીઓ ઓફિસના આંકડાને આધારે પોતાનો અભિપ્રાય દર્શાવાય છે. ટુ-વ્હીલરના વેચાણોમાં દરમ્યાન ઘટાડો થયો અને કોમર્શીયલ વાહનોમાં પણ ઘટાડો થયો છે. જો તમામ કેટેગરીના કુલ વેચાણો ધ્યાનમાં રાખીએ તો આગલા વર્ષની સરખામણીમાં તેમાં ૫૦ ટકાનો ઘટાડો છે. અત્યારે કન્ઝ્યુમર સેન્ટીમેન્ટ ખરાબ છે, ઉદ્યોગો અને બિઝનેસની હાલત નાજૂક છે અને તેવા સંજોગોમાં નવા મહિનામાં પણ કંઈક સુધારો જોવા મળે તે સંભાવના ન હોવાનું ફાડાના પ્રેસીડન્ટ આશિષ હર્ષરાજ કાલે દર્શાવી રહ્યા છે.

ઓટો સેક્ટરમાં એકતરફ ટ્રકોને વધારે લોડ લઈ જવાની છૂટ આપવામાં આવી અને બીજી તરફ સ્લોડાઉન છે તેને કારણે પણ કાર્ગો ટ્રાફિક ઘટ્યો છે જ્યારે પેસન્જર વાહનોમાં એકતરફ ધિરાણની શોર્ટેજ છે અને બીજી તરફ કન્ઝ્યુમર સેન્ટીમેન્ટ બગડી ગયું છે. હજજારો-લાખ્ખો લોકો બેરોજગાર થવાના અને આ બધા લોકો ખૂબ જ મોટા પાયે વૈહિકલ લોન, હાઉસીંગ લોન અને ક્રેડિટકાર્ડ ધિરાણો લઈને બેઠેલા છે અને સ્વાભાવિક છે કે પોતાની નોકરી ખતરામા હોય એટલે તેમણે નવી ખરીદી છેલ્લા ત્રણેક મહિનાથી અટકાવી દીધી છે અને ખાનગી સેક્ટરમાં પણ આવી જ પરિસ્થિતિ છે. અને કયો ઉદ્યોગ ક્યારે બંધ થશે તે કહેવું મુશ્કેલ છે. અસંખ્ય ઉદ્યોગોને પણ છેલ્લા ૩ મહિના દરમ્યાન ગંભીર અસર પડી છે અને તેમાંના કેટલાક પ્લાન્ટોને ઉત્પાદન ઘટાડી નાખવું પડે અને તેમના નફા અને રોજગારી ઉપર અસર થાય તે સંભાવના છે. આ પરિસ્થિતિમાં ઓટો સેક્ટરમાં વેચાણવૃદ્ધિ જોવાય તેવી કોઈ આશા નથી. તાતા ગ્રૂપના વડાએ તો એક તબક્કે ટ્રકોના વેચાણો છેક ઓક્ટોબર, ૨૦૨૦થી વધવાનું શરૂ થશે તેવો સંકેત આપ્યો હતો અને કંઈક અંશે પેસેન્જર કારમાં પણ તેવી જ પરિસ્થિતિ છે.

DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/YEAR ENDED ON 31STMARCH, 2020. (Rs. In Lakhs except earning per share)

PARTICULARS	Quarter Ended 31/03/2020 (Audited)	Quarter Ended 31/12/2019 (Unaudited)	Quarter Ended 31/03/2019 (Audited)	Year Ended 31/03/2020 (Audited)	Year Ended 31/03/2019 (Audited)
Total income from operations (net)	1329.35	826.19	1365.56	5629.12	6528.60
Net Profit / (Loss) from ordinary activities after tax	(57.11)	31.17	73.66	101.49	406.74
Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items)	(57.11)	31.17	73.66	101.49	406.74
Equity Share Capital (Face Value ' 10 Each)	302.85	302.85	302.85	302.85	302.85
Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year)					
Earnings Per Share (before extraordinary items) (of ' 10 each)	—	—	—	4528.71	4482.40
Basic					
Diluted	(1.89)	1.03	2.43	3.35	13.43
Earnings Per Share (after extraordinary items) (of ' 10 each)	(1.89)	1.03	2.43	3.35	13.43
Basic					
Diluted	(1.89)	1.03	2.43	3.35	13.43
	(1.89)	1.03	2.43	3.35	13.43

Notes:

1. The financial results of the company for the quarter ended March 31, 2020 have been reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors of the Company in their meeting held on 6th July, 2020. The results are being published in accordance with Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

2. The operating segment of the company is identified to be" Manufacturing and trading of Dyes, Chemicals and Pigments", as the Chief Operating Decision Maker (CODM) reviews business performance at an overall company level as one segment and hence, does not have any additionaldisclosures to be made under Ind AS 108 Operating Segments ..

However, The Company has two geographical segments "India and rest of world", revenue from the geographic segments based on domicile ofthe customer are as follows:

Description	India	Rest of the World	Total
Revenues -Year ended 31st March, 2020	3874.30	1713.77	5588.07
-Year ended 31st March, 2019	4296.88	2192.88	6489.76

3.Comparative figures have been rearranged/regrouped wherever necessary.

4. The figures for the quarter ended 31.03.2020 and 31.03.2019 are the balancing figures between Audited Figures for the year ended 31.03.2020and published year to date figures upto the third quarter ended 31.12.2019.

5. The COVID-19 pandemic has disrupted various business operations due to lockdown and other emergency measures imposed by thegovernments. The operations of the Company were impacted briefly, due to shutdown of manufacturing activities following nationwide lockdown. The Company continues with its operaliulls In a phased manner in line with directives from the authorities.

The company has considered the possible effect that may result from pandemic relating to Covid- 19 on the carrying amount of Property, Plantand Equipment, Inventories, Receivables and other current assets. In developing the assumptions relating to the possible future uncertainty inglobal economic conditions including conditions in India because of this pandemic, the company has used internal and external informationavailable up to the date of issuance of this results. In assessing recoverability of inventories, the company has considered the latest selling price,customer orders on hand and margins. Based on above assessment of Covid - 19 and current indicators of future economic conditions, thecompany does not expect significant impact on its operations and recovcrability of value of Its assets.

However, the impact assessment of COVID-19 is a continuing process given the uncertainties associated with its nature and duration and accordingly the impact may be different from that estimated as at the date of approval of these financial results. The company will continue to closely monitor the developments.

For, Dynamic Industries Ltd.

Sd/-

Kunal A Chauhan
Company Secretary & Compliance Officer

Date : 06th July, 2020
Place : Ahmedabad

ગામની ગપસપ

■ **પીએનબી હાઉસીંગ ફિનાન્સ,** પંજાબ નેશનલ બેંકની કંપની અને કૌભાંડ પછી વેચી દેવાશે તેવી ગણતરી હતી. કૌભાંડને કારણે રૂા. ૮૮૫ વાળો શેર રૂા. ૧૪૬ થયા પછી અત્યારે રૂા. ૧૭૬ ઉપર, ભાવ તદ્દન નીચો હોવા છતાં બિઝનેસ હજી પણ જોરદાર છે. વિદેશી વ્યૂહાત્મક ભાગીદાર દાખલ થવાની ગણતરી. થોડાક શેરો અત્યારના ભાવે લઈને મૂકી શકાય. રીરેટીંગ સાથે રૂા. ૧૦૦ વધવાની જગ્યા.

■ **જીએસએફસી,** અત્યાર સુધી જીએનએફસીનો શેર દોડતો હતો પરંતુ તે કંપની ઉપર સ્પેક્ટ્રમ ફીનો મોટો બોજો સરકારે લાદી દીધો અને તે પછી ખેલાડીઓનું ફોકસ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની ઉપર. રૂા. ૩૦ના બોટમથી વધીને રૂા. ૪૧ ઉપર તો આવી ગયો છે. જાળવી રાખજો, થોડાક વર્ષો પહેલા રૂા. ૪૦૦નો ભાવ આ શેરમાં ચાલતો હતો. હજી તો માંડ રૂા. ૪૧ ઉપર જ આવ્યો છે. રૂા. ૧૦૦ ઝડપથી થઈ જવાની ગણતરી.

■ **અદાણી ગ્રીન,** બ્રેક વગરની ગાડીની જેમ દોડ્યે જાય છે અને આ રીતે કોઈ પણ ગાડી ચાલે તો અથડાઈ પણ પડે. રૂા. ૨૪૮નો ભાવ થયો છે. આવું વેલ્યૂએશન લાંબો સમય ન ટકી શકે. પ્રોફિટ બુકીંગનો ચાન્સ નહીં છોડતા.

■ **મેઘમણિ ઓર્ગેનિક,** છેલ્લા ત્રણ અંકથી આ શેર ભેગા કરવાનું દર્શાવીએ છીએ. વધીને રૂા. ૪૯ ઉપર આવ્યો. વિસ્તરણ પ્રોજેક્ટોનો ફાયદો હવે શરૂ, લીધા ન હોય તો થોડાક શેરો લઈને મૂકી દેજો, શોર્ટટર્મમાં જ રૂા. પાંચ વધવાની ગણતરી.

■ **જીઆઈસી આરઈ,** ભારત સરકારનું સાહસ અને જનરલ ઈન્સ્યોરન્સ સેક્ટરમાં પ્રાઈવેટ વીમા કંપનીઓનો પગપેસારો, પરંતુ જીઆઈસીનો બિઝનેસ તદ્દન અલગ પ્રકારનો, હરિફાઈ નહિવત. રૂા. ૮૨થી વધીને રૂા. ૧૩૮ થયો છે. જાળવી રખાય. ધીમા સુધારા સાથે રૂા.૩૩૩ ફરી વખત બતાવશે.

■ **આરસીએફ,** રૂા. ૪૦-૪૧ના ભાવે શેર આકર્ષક, બુકવેલ્યૂ પણ બજારભાવ કરતા ઘણી વધારે, કંપનીની મુંબઈ નજીક ટ્રોમ્બે ખાતે અતિશય વિશાળ રીયલ એસ્ટેટ અને તેને પણ રોકડી કરાશે. થોડાક શેરો લઈને મૂકી દેજો. રૂા. ૧૦ની નોટ મળવાની જગ્યા.

■ **નેશનલ એલ્યુમિનિયમ,** ભારત સરકારનું સાહસ અને આંતરરાષ્ટ્રીય બજારમાં એલ્યુમિનિયમમાં ભાવ વધારો થવાનો ફાયદો દેખાય. બુકવેલ્યૂની સરખામણીમાં બજારભાવ ડિસ્કાઉન્ટમાં, હજી મોડું નથી થયું. ૨૦૦-૫૦૦ શેર લઈને મૂકી દેજો, શોર્ટટર્મમાં જ રૂા. ૪૨ના ભાવની ગણતરી.

■ **ફ્યુચર કન્ઝ્યુમર,** ફ્યુચર ગ્રૂપમાં હવે એમેઝોન પણ ભાગીદાર અને એમેઝોનનો સ્પર્શ થતા જ બધા શેરો દોડવાના, રૂા. ૮/૯ના ભાવનો ફ્યુચર્સ કન્ઝ્યુમર ધ્યાનમાં રાખજો.

■ **ગુજરાત આલ્કલીસ,** ગુજરાત સરકારની કંપની અને બજારમાં ફરતો માલ નહિવત. છેલ્લા ૧૨ મહિનાની નફાશક્તિ જોરદાર છે. રૂા. ૬૭ની શેરદીઠ કમાણી અને તેની સામે માંડ પાંચના વેલ્યૂએશન ઉપર આ શેર મળી રહ્યો છે. વધારે નહિ તો ૧૦ શેર લઈને મૂકી દેવાય. મધ્યમગાળે રૂા. ૬૦૦ ઉપરના ભાવની સંભાવના મજબૂત.

■ **એલઆઈસી હાઉસીંગ ફિનાન્સ,** રૂા. ૫૮૬ થયેલો શેર થોડા મહિના પહેલા જ રૂા. ૧૮૬ સુધી ઊતરી ગયો હતો પરંતુ હવે ધીરે ધીરે સેન્ટીમેન્ટ સુધર્યું છે. અત્યારનો રૂા. ૨૩૯નો ભાવ પણ એકદમ મફત છે. રૂા. ૫૩ની શેરદીઠ કમાણી અને વાર્ષિક ધોરણે તેમાં રૂા. ૫૮નો ઈપીએસ મળવાની ગણતરી. રીરેટીંગની જગ્યા. રૂા. ૧૦૦ની નોટ થોડા મહિનામાં આપી જાય.

■ **જીએમડીસી,** થોડા દિવસો પહેલા જ રૂા. ૩૦ના ભાવે અને તે પછી રૂા. ૩૪ના ભાવે પણ લેવાની વાત કરી હતી. અત્યારે વધીને રૂા. ૩૮ આસપાસ તો આવી ગયો અને હજી પણ બુકવેલ્યૂની સરખામણીમાં બજારભાવ તદ્દન અડધો છે. કંપની પાસે બે જંગી પાવર પ્રોજેક્ટો અને લિગ્નાઈટનું ખાણનું મોટું કામકાજ, વેલ્યૂએશન મફત છે. થોડાક શેરો ૧૨ મહિના માટે લઈને મૂકી દો. રૂા. ૧૦૦ ઉપરના ભાવની મજબૂત સંભાવના.

■ **આઈડીએફસી,** બહુમતી રોકાણકારોનું ધ્યાન આઈડીએફસી ફર્સ્ટ બેંક ઉપર ચાલી રહ્યું છે અને તેવા સંજોગોમાં આઈડીએફસી તદ્દન અવગણાતો હોય તેમ કહી શકાય. આ શેર પણ પકડી લેવાની વાત કરી હતી. રૂા. ૧૩.૪૦થી વધીને રૂા. ૧૪ થયો છે. હજી પણ વેલ્યૂએશન એકદમ મફત. આગામી દિવસોમાં આ શેરમાં રીરેટીંગ સાથે રૂા. ૩૦ના ભાવની સંભાવના મજબૂત.

■ **આઈટીડી સીમેન્ટેશન,** મલ્ટીનેશનલ કંપની અને વિદેશી પ્રમોટરો, બાવન અઠવાડિયામાં રૂા. ૧૧૮વાળો શેર થોડા દિવસો પહેલા જ રૂા. ૨૬ના ભાવે મળતો હતો અને પકડી લેવાની વાત કરી હતી. રૂા. ૩૫ ઉપર આવ્યો છે. હજી પણ મોડું નથી થયું. થોડા શેરો લઈને મૂકી દેવાય. મધ્યમગાળે રૂા. ૭૦ના ભાવની ગણતરી.

■ **એનબીસીસી,** ભારત સરકારનું સાહસ અને જયપ્રકાશ ઈન્ફ્રાના ફ્લેટો ડેવલપ કરવાનું કામ પણ તેને મળવાની ગણતરી. નફાશક્તિ ઊંચકાશે. અત્યારે તળિયાના ભાવ માટે કોઈ જ કારણ નથી એટલે રૂા. ૧૭-૧૮ના ભાવે થોડાક શેરો ખરીદીને મૂકી શકાય. ઉપરમાં રૂા. ૨૫ પ્લસના ભાવની ગણતરી.

■ **જિંદાલ-સો પાઈપ,** સોપાઈપનું માર્કેટ હજી પણ મજબૂત, અને સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને કારણે માંગ સારી, બાવન અઠવાડિયામાં રૂા. ૧૦૨ થયેલો શેર અત્યારે રૂા. ૪૬ના ભાવે મળે છે પરંતુ બુકવેલ્યૂની સરખામણીમાં અડધો ભાવ, થોડાક શેરો આ ભાવે લઈને મૂકી દેજો. અન્ય સ્ટીલ શેરોની સાથે સાથે આ શેરમાં પણ રૂા. ૧૦૦ પ્લસના ભાવની ગણતરી. રૂા. ૨૩ની શેરદીઠ કમાણીની દૃષ્ટિએ પણ અત્યારનો બજારભાવ તદ્દન મફત છે. બેથી ત્રણ વર્ષ જાળવનારને વધારે મોટો લાભ મળે.

■ **ફિલિપ્સ કાર્બન,** ભારતના કાર્બન બ્લેક માર્કેટમાં સૌથી મોટી ઉત્પાદક કંપની, નફાશક્તિ જોરદાર, કૂડના ભાવ વધી રહ્યા હોવાથી નફાનો માર્જિન ઊંચકાશે. અત્યારે રૂા. ૧૬/૧૭ની શેરદીઠ કમાણી અને તે રીતે પણ વેલ્યૂએશન તદ્દન મફત. રૂા. ૧૬૦ થયેલો અત્યારે રૂા. ૭૨ના ભાવે મળે છે. થોડાક શેર ૧૨ મહિના માટે લઈને મૂકી શકાય. ૫૦ ટકા રિટર્નની જગ્યા.

■ **સીઈએસસી,** કલકત્તા શહેરની વીજળી પૂરી પાડતી ગોયંકા ગ્રૂપની અતિશય મજબૂત કંપની, રૂા. ૮૫૫ થયેલો શેર અત્યારે રૂા. ૫૫૨ ઉપર મળી રહ્યો છે. બુકવેલ્યૂ કરતા પણ નીચો ભાવ, રૂા. ૭૪ની શેરદીઠ કમાણી સામે પણ વેલ્યૂએશન એકદમ કિફાયતી, રોકાણ જાળવી રખાય.

તાતા મોટર્સ મજબૂત અપટ્રેન્ડમાં આગળ વધ્યો છે. અત્યારના રૂા. ૧૦૩વાળા આ શેરમાં આગામી દિવસોમાં ઉછાળાની જગ્યા અને તેથી ચારથી છ અઠવાડિયાના એન્ગલથી થોડાક શેર લઈને મૂકી દેવાય અને આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૨૫નો ભાવ જોવા મળવાની ગણતરી.

તેવી જ રીતે રૂા. ૫૩૦ ઉપરના **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**ના શેરમાં આગામી દિવસોમાં મજબૂત તેજી શરૂ થવાની ગણતરી અને ઉપરમાં રૂા. ૫૫૦ અને રૂા. ૫૭૦નો ભાવ થોડા અઠવાડિયામાં જોવાવાની ગણતરી છે. લીધો ન હોય તો આ ભાવે થોડાક શેર લઈને મૂકી શકાય. અત્યારના તબક્કે ટ્રેક્ટરોના વેચાણો પણ સારા ચોમાસા પછી વધવા જોઈએ. જાન્યુઆરીમાં કંઈક સુધારો જોવાયો છે પરંતુ પ્રથમ ૧૦ મહિના દરમ્યાન ટ્રેક્ટરના વેચાણોમાં ઘટાડો છે અને તેની અસર આ શેરના સેન્ટીમેન્ટ ઉપર સ્પષ્ટ રીતે દેખાય છે.

અશોક લેલેન્ડ થોડો-થોડો વધવાનો પ્રયત્ન કરે છે પરંતુ રૂા. ૪૯વાળા આ શેરમાં લાંબી તેજીની જગ્યા નથી દેખાતી. ડચકા ખાતોખાતો માંડ રૂા. ૪ વધે અને એક નેગેટીવ સમાચાર આવતા રૂા. ૭ ઘટી જાય તેવી પરિસ્થિતિ છે.

બજાજ ઓટોના શેરમાં આકર્ષણ વધતું જાય છે.અત્યારના રૂા. ૨૯૩૨ના ભાવના આ શેરમાં આગામી દિવસોમાં ધીમા સુધારા સાથે રૂા. ૩૨૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.. એમ જોઈએ તો તમામ ઓટો કંપનીઓમાં બજાજ ઓટોની પરિસ્થિતિ સૌથી સારી છે અને અત્યારે આ કંપની તેના કુલ વેચાણોમાં ૫૦ ટકા કરતા વધારે વેચાણો ભારતની બહાર કરી રહી છે.

હીરોમોટો કોર્પનો શેર અત્યારે રૂા. ૨૭૩૭ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ૨૮૦૦ ઉપર અને તે પછીના ઉછાળે રૂા. ૨૯૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

એસ્કોર્ટ્સના શેરમાં પણ પરિસ્થિતિ નાજૂક છે. અને એસ્કોર્ટ્સમાં સ્વાભાવિક છે કે કન્સ્ટ્રક્શન ઈક્વીપમેન્ટના વેચાણઓ સદંતર ઠંડા હોય. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો ઠંડા છે અને રીયલ એસ્ટેટમાં તો હવે પોલિટિશિયન પણ પૈસા નાખતા અચકાઈ રહ્યા છે. એસ્કોર્ટ્સે છેલ્લા થોડા દિવસોમાં ધીરે ધીરે સુધરીને રૂા. ૧૦૬૦નો ભાવ બતાવ્યો. અને હજી નજીકના સમયગાળામાં આ શેરમાં રૂા. ૧૦૦૦ અને તે પછી રૂા. ૯૫૦નો ભાવ જોવા મળવાની જગ્યા છે અનેકરેકશન શરૂ થવાની ગણતરી.

એસએમએલ ઇઝુઝુ અત્યારે રૂા. ૩૭૮ ઉપર છે. અને આ શેરમાં પણ ટૂંકી વધઘટનો તબક્કો અત્યારે છે. ઉછાળાની જગ્યા નહિવત. ઘટવાના ચાન્સ વધારે.

ફોર્સ મોટર્સનો શેર રૂા. ૧૫૦૦ના લેવલથી ઘટીને અત્યારે રૂા. ૯૬૫ ઉપર આવ્યો છે. અને ફોર્સ મોટર્સના શેરમાં આ જ રીતે ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે. એકદમ મોટો ઉછાળો આવી જાય તે આશા ઓછી છે.

દેશની સૌથી મોટી પેસેન્જર કાર કંપની **મારૂતિ**ના શેરમાં શેરમાં આકર્ષણ વધતું જાય છે.અત્યારના રૂા. ૫૯૩૩ના ભાવના આ શેરમાં આગામી દિવસોમાં ધીમા સુધારા સાથે રૂા. ૬૧૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

આયશર મોટર્સ કે જે રોયલ એનફિલ્ડ મોટરસાઈકલનું ઉત્પાદન કરે છે તે શેર પણ અત્યારે મજબૂત અપટ્રેન્ડમાં છે. અત્યારે રૂા. ૧૮૯૨ ઉપર આવી ગયેલા આ શેરમાં થોડા મહિના પહેલા રૂા. ૨૩૪૫૦નું ટોપ બન્યું હતું અને આવતા થોડા દિવસોમાં આ શેર રૂા. ૧૯૧૦૦ અને તે પછી રૂા. ૧૯૪૦૦ થઈ જવાની ગણતરી છે.

ટીવીએસ મોટર્સમાં પણ સીજી

ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
તદ્દન ફ્રી

staffavailable.com